



પતંગ બજારમાં ધમધમાટ - ગુજરાતીઓનું પ્રિય પર્વ એટલે મકરસંક્રાંતિ... શહેરમાં મકરસંક્રાંતિની પૂર્વ સંધ્યાએ પતંગ બજાર પતંગ રસિકોની ભીડથી છલકાયું હતું... નયનરમ્ય રંગો અને આકારોમાં વૈવિધ્યપૂર્ણ પતંગોથી છલકાતું પતંગ બજાર એક આનંદ અને ઉર્જાનો માહોલ સર્જતું હતું... મકરસંક્રાંતિના આખો દિવસ ગુજરાતી પરિવારો ધાબે પતંગ ચડાવે, પેચ લડાવે અને પતંગ પકડીને ચીચીયારીઓ કરે એવો ઉત્સાહજનક માહોલ ગાંધીનગરમાં સર્જાશે...

# શહેરમાં વધુ એક કોલ્ડવેવ

## પારો ૯ ડિગ્રી : વાદળો વિખેરાતા ઠંડીમાં એકાએક વધારો : એક જ દિવસમાં પારો ૫ ડિગ્રી ગગડ્યો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો પુનઃ અનુભવાઈ રહ્યો છે. માવઠાની સ્થિતિમાં ઠંડીમાં ઘટાડો થયો હતો. વાદળો વિખેરાતા ઠંડી પુનઃ વધવા માંડી છે. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન ૫ ડિ.સે. જેટલુ ગગડ્યુ હતુ.

ડિસેમ્બર મહિનામાં લઘુત્તમ તાપમાન સિંગલ ડિજિટમાં નોંધાયુ હતુ તે પછી વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. આકાશમાં વાદળો છવાયા હતા. ગુજરાતના કેટલાક ભાગોમાં માવઠુ પણ પડ્યુ હતુ. છેલ્લા ચાર-પાંચ દિવસમાં વાદળછાયુ વાતાવરણ જ રહ્યુ હતુ. વાદળોના કારણે લઘુત્તમ તાપમાન ઉંચકાયુ હતુ. એક તબક્કે તો લઘુત્તમ તાપમાન ૧૬ ડિ.સે. સુધી પહોંચી ગયુ હતુ. બહાર નીકળો તો પણ ઠંડીનો અનુભવ થતો ન હતો. ધીમે ધીમે આકાશમાંથી વાદળો વિખેરાતા પુનઃ ઠંડીનું જોર વધવા લાગ્યુ હતુ. સાથે જ પવનનો વેગ વધતા ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. ૧૩મી જાન્યુઆરીના રોજ લઘુત્તમ તાપમાન ૧૪ ડિ.સે. અને મહત્તમ તાપમાન ૨૮ ડિ.સે. નોંધાયુ હતુ. જે એક જ દિવસમાં પાંચ ડિ.સે. જેટલુ ઘટી ગયુ હતુ. ગઈકાલે સાંજ પછીથી જ ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. છેલ્લા કેટલાક દિવસોથી ગરમ વસ્ત્રો પહેરવાનુ ભુલી ગયેલા યુવાનોને પણ પુનઃ ગરમ વસ્ત્રો પહેરવા પડે તેટલુ આકરી ઠંડી અનુભવાતી હતી. મોડી રાત્રે લઘુત્તમ તાપમાન ૯ ડિ.સે. સુધી પહોંચી ગયુ હતુ. સાથે જ પવનની ગતિ ખૂબ રહેતા વસાહતીઓ રીતસર ઠંડીમાં ઠુંઠવાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સતત બીજે દિવસે ૧૬ કેસ

## ગાંધીનગર તાલુકામાં ૭, માણસામાં ૧ કેસ નોંધાયો : સે. ૭ અને સે. ૨૬ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૮, ૧૨, ૨૨ અને ૨૮ માંથી કેસ મળ્યા : શહેર-જિલ્લામાં સંક્રમિત થનાર અને ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા સમાન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે ૧૬ કેસ કોરોનાના મળી આવ્યા છે. ગ્રામ્ય અને શહેરમાંથી ૮-૮ કેસ મળી આવ્યા છે. સપ્તાહમાં બીજીવાર શહેર અને ગ્રામ્યમાંથી એક સરખા કેસ મળી આવ્યા છે.

જિલ્લામાં કોરોનાના ઘટાડાનો ટ્રેન્ડ વચ્ચે ગાંધીનગર તાલુકામાંથી સતત વધુ ને વધુ કેસો મળી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૮ કેસમાંથી ૭ કેસ ગાંધીનગર ગ્રામ્યમાંથી મળી આવ્યા છે. ૧ કેસ માણસા તાલુકામાંથી મળી આવ્યો છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાંથી એક દર્દીને વધુ સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં આજે નોંધાયેલા ૭ કેસમાં ૪ મહિલા દર્દીઓ છે. વાવોલમાંથી આજે મળેલ કેસમાં બે મહિલા દર્દી, કુડાસણમાંથી પણ બે કેસ મળ્યા છે જેમાં એક મહિલા અને એક ૬૦ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. સુઘડમાંથી મળેલ મહિલા દર્દી સરકારી નોકરી કરે છે. આ ઉપરાંત સરગાસણ અને ઉવારસદ ગામેથી પણ કેસ મળી આવેલ છે.

માણસા તાલુકાના માણેકપુર ગામેથી એક ૫૫ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૮૫૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૬૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૫૧૧૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાંથી આજે ૮ કેસ કોરોનાના મળી આવ્યા છે. શહેરમાં આજે

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના આગેવાનો પંચાયતોની કચેરીમાં અધિકારીઓની ખુરશી પર બેસી પ્રચાર કરે છે : બિહોલા

## કોંગ્રેસે પત્ર લખી કાયદાકીય પગલાં ભરવા કમિશનરને કહ્યુ છે નહિતો આ સંકુલોની તાળાબંધી કરાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં નવા સમાવાયેલ વિસ્તારોના પંચાયતો સંકુલની કચેરીઓમાં ભાજપના પ્રચાર-પ્રસારની કામગીરી ચાલી રહી હોવાનો ગંભીર આક્ષેપ વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ કર્યો છે.

બિહોલાએ આથી પણ વધુ ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યુ છે કે પંચાયતોના સંકુલમાં અધિકારીઓની ખુરશીઓમાં બેસી અને આ પ્રચાર અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. આમ છતાં મનપાનું તંત્ર કોઈજ પગલાં લેતુ નથી એ જ બતાવે છે કે લોકશાહીના મજબુતીકરણની વાતો ભાજપની કેટલી પોકળ છે.

સરકારી કાર્યક્રમોમાં મંચ પર પણ ભાજપના આગેવાનોની ખાસ સરભરા તંત્રના અધિકારીઓ કરતા હોય છે હવે આ જ આગેવાનો અધિકારીઓની ખુરશીમાં બેસી અને પ્રચાર-પ્રસારનું કાર્ય કરે છે. એક જગ્યાએ નહિ પણ ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ૧ નગરપાલિકા અને ૧૮ ગ્રામ્ય પંચાયતોમાંથી પાંચ સ્થાનોના ફોટા પણ તેમણે તેમની પ્રેસનોટ સાથે જોડ્યા છે.

તેમણે આ મુદ્દે મ્યુનિ. કમિશનરને પત્ર લખી આ બાબતે તપાસ કરી કાયદાકીય પગલાં લેવામાં નહિ આવે તો કોંગ્રેસ પક્ષને પંચાયતોની આ મિલ્કતોની તાળાબંધી કરવાની ફરજ પડશે.

ભાજપે તેના તમામ નીતિ અને મૂલ્યોને કોરાણે મુક્યાનો આક્ષેપ પણ વિપક્ષી નેતાએ કર્યો છે. તંત્ર જે રીતે મૌન સેવી રહ્યુ છે તેથી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તે બાબત પણ શંકા ઉપજાવે છે.

વિપક્ષી નેતાએ જે આક્રમક તેવર અપનાવ્યા છે તેના પછી આજે મનપાની કચેરીમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

વિપક્ષી નેતાએ જણાવ્યુ હતુ કે કમિશનરે ક્યારેય સત્તાધારી પક્ષ હોય કે વિપક્ષના કાઉન્સીલરોના એક પણ પત્રનો જવાબ આજ દિન સુધી આપ્યો નથી અને પ્રજાભિમુખ વહીવટની જાહેરાતો સરકાર કરે છે પણ મુખ્યમંત્રીની કચેરીથી ૧૫૦૦ મીટર દૂર આવેલી મનપાની કચેરીમાં જ તેનુ પાલન થતુ નથી.

કમિશનરને લખેલા પત્રમાં બિહોલાએ જણાવ્યુ છે કે સરકારી અધિકારીઓની ખુરશીઓમાં બેસીને ભાજપ સંગઠન કઈ રીતે પાર્ટીનો પ્રચાર કે પ્રસાર કરી શકે ?તેમજ અગાઉ જેટલી પણ ગાંધીનગર મહાનગરપાલિકામાં

● અનુસંધાન પાન-૭ પર



પ્રાકૃતિક વૈભવ - પાટનગરના હૃદયસમા વિસ્તારમાં કેવું નયનરમ્ય દૃશ્ય સર્જાયું છે... આકર્ષક રંગોના ફુલથી છવાયેલું વૃક્ષ પ્રાકૃતિક વૈભવને અભિવ્યક્ત કરે છે... ગાંધીનગરમાં પ્રકૃતિએ મન મુકીને સૌંદર્ય પાથર્યું છે... ત્યારે વિકાસની લ્હાયમાં આ પ્રકૃતિના વૈભવ સામે છેડછાડ ન થાય એ પણ એક ચિંતાનો વિષય છે... આંખ અને મન ઠરે એવા પ્રાકૃતિક સૌંદર્ય વ્યક્તિગત અને સામાજીક જીવન માટે તંદુરસ્તીવર્ધક બને છે...

# રાજ્યમાં વાહનોની ગતિ મર્યાદા નક્કી કરાઈ

## રાજ્યમાં ૧૨૦ની સ્પીડથી વધુ ઝડપે વાહન નહીં ચલાવી શકાય

ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગર સહિત રાજ્યમાં વાહનોની ગતિ નિયત કરાતાં વાહન ચાલકો હરકતમાં આવી ગયા છે. ગાંધીનગર શહેરમાં કેમેરામાં કેદ થતાં અનેક વાહન ચાલકોને છેલ્લા ચાર દિવસથી ઈ-મેમો મળવાના શરૂ થયા છે.

શહેરના ચ-માર્ગ, ઘ-માર્ગ અને ગ-માર્ગ પર હવે ૬૫થી વધુ સ્પીડે કાર ચલાવી શકાશે નહિ અને જો ચલાવાશે તો તેમને પોલીસ દ્વારા ઈ-મેમો પહોંચાડાશે.

એક વખત પકડાતાં ૧૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવાની ચર્ચા ચાલી રહી છે. જોકે સાવધાની પૂર્વક હવે શહેરમાં કાર ચલાવવી અનિવાર્ય બની છે. અને રાજ્યમાં ક્યાંય પણ ૧૨૦ કિ.મી.ની સ્પીડ કરતા વધારે સ્પીડે કાર દોડાવી શકાશે નહિ.

જે લોકો જાહેર માર્ગો પર સ્પીડ કરતા વધુ ગતિથી વાહન ચલાવે તેણે ચેતી જવાની જરૂર છે. રાજ્યના વાહન વ્યવહાર વિભાગે વાહન ચલાવવા માટેની ગતિ મર્યાદા નક્કી કરી છે. વાહન વ્યવહાર વિભાગના આદેશ પ્રમાણે રાજ્યમાં ૧૨૦ની સ્પીડ કરતા વધુ સ્પીડે વાહન ચલાવી શકાશે નહીં. તો ટુ વ્હીલર વાહનો માટે પણ ગતિ મર્યાદા નક્કી કરવામાં આવી છે. રાજ્યના વાહન વ્યવહાર વિભાગે આજે એક આદેશ બહાર પાડીને શહેરી વિસ્તાર, ગ્રામ્ય વિસ્તાર તથા જાહેર માર્ગો પર વાહન ચલાવવાની ગતિ મર્યાદા નક્કી કરી છે. દરેક વાહનો માટે અલગ-અલગ સ્પીડ લિમિટ નક્કી કરવામાં આવી છે. કોઈપણ વાહન વધુમાં વધુ ૧૨૦થી વધારેની સ્પીડ પર ચલાવી શકાશે નહીં. રાજ્યમાં એક્સપ્રેસ હાઈવે પર ગાડીની સ્પીડ લિમિટ ૧૨૦ કિમી નક્કી કરવામાં આવી છે. તો નેશનલ હાઈવે પર ૧૦૦ અને સ્ટેટ હાઈવે પર ૮૦ કિમી પ્રતિ કલાકની સ્પીડ નક્કી કરવામાં આવી છે. કોર્પોરેશનના શહેરી વિસ્તારમાં ૬૫ તથા ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ પર ૫૦ કિમી પ્રતિ કલાકની ગતિ મર્યાદા નક્કી કરવામાં આવી છે.

જોકે આ મુદ્દો શહેરમાં ઠેર ઠેર ચર્ચાનો મુદ્દો બન્યો છે. ચોરે અને ચૌટે એકાએક લદાયેલ ગતિ મર્યાદાથી ખાસ કરીને યુવાનો કાર ચાલકોમાં ચિંતાનું વાતાવરણ ઉભું થયું છે. ગાંધીનગર જેવા સરસ માર્ગો પર સહસ રીતે ૭૦-૮૦ની ગતિએ કાર દોડતી હોય છે.

| કાર/ટેક્સી માટે સ્પીડ લિમિટ | |
|---|---|
| એક્સપ્રેસ હાઈવે | ૧૨૦ |
| નેશનલ હાઈવે | ૧૦૦ |
| સ્ટેટ હાઈવે | ૮૦ |
| મ્યુન્સિપલ શહેરી વિસ્તાર | ૬૫ |
| ગ્રામ્ય વિસ્તાર રોડ | ૫૦ |
| **માલસામાનની હેરફેર કરતા વાહનોની ગતિ મર્યાદા** | |
| એક્સપ્રેસ હાઈવે | ૮૦ |
| નેશનલ હાઈવે | ૮૦ |
| સ્ટેટ હાઈવે | ૭૦ |
| મ્યુન્સિપલ શહેરી વિસ્તાર | ૬૦ |
| ગ્રામ્ય વિસ્તાર રોડ | ૪૦ |
| **દ્વિચક્રી વાહનોની ગતિ મર્યાદા** | |
| નેશનલ હાઈવે | ૮૦ |
| સ્ટેટ હાઈવે | ૭૦ |
| મ્યુન્સિપલ શહેરી વિસ્તાર | ૬૦ |
| ગ્રામ્ય વિસ્તાર રોડ | ૫૦ |




# સોમનાથ ટ્રસ્ટના નવા પ્રમુખ માટેની વર્ચ્યુઅલ બેઠક ફરી એકવાર મોકૂફ રખાઈ

જૂનાગઢ,તા.૧૩

આજે (બુધવાર) સોમનાથ ટ્રસ્ટની વર્ચ્યુઅલ બેઠક યોજાવાની હતી. આ બેઠકમાં સ્વર્ગસ્થ પ્રમુખ કેશુભાઈ પટેલની જગ્યા પર નવા પ્રમુખની જાહેરાતને લઈને કોઈ નિર્ણયની પણ શક્યાતાઓ હતી. જે બેઠક હાલ પુરતી મોકૂફ રાખવામાં આવી છે. કેશુભાઈ પટેલનું અવસાન થતાં સોમનાથ ટ્રસ્ટની પ્રમુખ પદ ખાલી જોવા મળતું હતું, ત્યારે આ બેઠકમાં ટ્રસ્ટના પ્રમુખ લઈને ટ્રસ્ટના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવે તેવી શક્યતાઓ વ્યક્ત થઈ રહી હતી.

આ પહેલા સોમવારે પણ આ બેઠક કોઈ કારણોસર મોકૂફ રાખવામાં આવી હતી. આજે સોમનાથ ટ્રસ્ટની બેઠક મળવા જઈ રહી હતી. જેમાં વડા પ્રધાન મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, પૂર્વ નાયબ વડા પ્રધાન અડવાણી સહિત તમામ ટ્રસ્ટીઓ વર્ચ્યુઅલ માધ્યમથી આ બેઠકમાં જોડાવાના હતા. આગામી સમયમાં આ બેઠક યોજાય શકે છે.


FIGHT CORONA M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad Jaquar experience bathing DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com